# ડૉ. ભૂપેશ ડી. શાહ

એમ. સી. એચ., ડી. એન. બી. (મુંબઈ)

કાર્ડીયો વાસ્ક્યુલર એન્ડ થોરેસીક સર્જન

મો. : ૦-૯૮૨૫૦ ૭૩૪૬૫

**એટેચમેન્ટ**

- ✚ સ્ટર્લીંગ હોસ્પીટલ (અમદાવાદ)
- ✚ ક્રિષ્ના હાર્ટ ઈન્સ્ટીટ્યુટ (બોપલ, અમદાવાદ)
- ✚ રાજસ્થાન હોસ્પીટલ (શાહીબાગ, અમદાવાદ)
- ✚ શેઠ વી. એસ. જનરલ હોસ્પીટલ (માનદ્ આસી. પ્રોફેસર)
- ✚ ડૉ. જીવરાજ મહેતા હોસ્પીટલ, (વાસણા, અમદાવાદ)


## લોહી પાતળુ કરવાની દવા સાથેની તકેદારીઓ

### દવાની અગત્યતા :

મીકેનીકલ વાલ્વમાં વાલ્વ ખુલવા તથા બંધ કરવાની પાતળી ડીસ્ક હોય છે જેના પર લોહી જામી જવાથી વાલ્વ ચોકઅપ ( બંધ ) થવાની શક્યતાઓ રહે છે.

વાલ્વ રીપ્લેસમેન્ટ પછીથી વાલ્વ પર અને તેની આજુબાજુ લોહી જામી જવાની શક્યતાઓ અનેક ઘણી વધી જાય છે. લોહીની ગંઠાઈ જવાની ક્ષમતા ઓછી કરવા માટે અને વાલ્વ બંધ ન થવા ( ચોકઅપ ન થવા ) માટે એસિટ્રોમ એન્ટીકોગ્યુલન્ટ આપવામાં આવે છે.

### દવાની આડ અસરો કઈ છે ? :

દવાનો ડોઝ વધારે પડે, જો શરીર દવા જોડે અસામાન્ય પ્રતિક્રિયા કરે તો રક્તસ્ત્રાવ થઈ શકે. બ્રશ કરતી વખતે પેઢામાંથી લોહી નીકળવું, પેશાબમાં લોહી આવવું, નાકમાંથી લોહી નીકળવું, ત્વચા પર લાલ ટપકાં થઈ આવવા, અસામાન્ય રક્સ્ત્રાવ અથવા ઉજરડો, કાપા કે ઘામાંથી અસામાન્ય અતિશય રક્તસ્ત્રાવ થવો, કાળો ઝાડો થવો, મળમાં લોહી આવવું, ઉલટીમાં લોહી આવવું, પેરાલીસીસની અસર થઈ શકે, જો આવું કાંઈપણ જણાય તો તરત તમારા ડૉક્ટરને જાણ કરવી ને મળવું.

### દવાનો ડોઝ કઈ રીતે એડજસ્ટ કરવો ? :

એના માટે નિયમિત ડૉક્ટરની મુલાકાત લેવી ડૉક્ટર તમારા લોહીની તપાસ કરાવીને ડોઝ નક્કી કરશે. લોહીની તપાસને P.T./I.N.R. (પી.ટી./આઈ.એન.આર.) કહેવાય. થોડાક મહિનાઓ પછીથી આ રિપોર્ટ તમે જાતે તમારી નજીકની સારી લેબોરેટરીમાં કરાવીને ડૉક્ટરનો સંપર્ક સાધી શકો છો. એ વખતે ડૉક્ટરને તમારા ચાલુ એસિટ્રોમ દવાના ડોઝની માત્રા અને I.N.R. જણાવવું.

સામાન્ય રીતે એસીટ્રોમ ડોઝની માત્રાથી I.N.R. ૨:૦ / ૨:૫ રાખવામાં આવે છે. આ ગોળી દરોજ રાત્રે ચોક્કસ સમયે જ લેવી.

### દવા અને આહાર જોડેની પરેજી :

તમે લઈ રહ્યા હો તો આહાર આ દવા તમારા શરીરને અસર કરવાની રીતને પ્રભાવતિ કરી શકે છે. દવા લેતા હોય ત્યારે લીલા પાંદડાવાળા શાકભાજી (જેવાં કે તાંદળજો, પાલક, કોથમીર, મૂળા, ગોબી પત્તા, ફ્લાવર) જેવાં, ખાટી વસ્તુ (જેમ કે આમલી, ટામેટા, આમળા) નહીં ખાવાના.

બીડી, સીગાટેર, તમાકુ, શરાબનું સેવન તમારા નવા વાલ્વ પર આડઅસર કરી શકે છે.

### એસિટ્રોમ અને બીજી દવાઓ :

તમારા કાર્ડિયાક સર્જન સિવાય કોઈપણ ડૉક્ટર બીજી કોઈ દવા આપે તો તમારા ડૉક્ટર જાણ કરવી અને તેમના કહ્યા પ્રામાણે આગળ દવા લેવી. તમારે હંમેશા તમે ક્યો વાલ્વ બદલાવ્યો છે અને કેટલા ડોઝવાળી એસિટ્રોમ લો છો તેની રીપોર્ટ અને પ્રીસ્ક્રીપ્શન ઓળખ સાથે રાખવી.